અપીલ અરજી નં.૭૫ તા.૨૬–૬–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન

## *હુકમઃ–*

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૭–૫–૦૮ ની અરજીથી માંગેલ માહિતી અંગે અંગ્રેજીમાં કાયદાકીય નકલો પૂરી પાડેલ છે જે ગુજરાતીમાં મેળવવા બાબત.

***સંદર્ભ :–(૧)*** અરજદાર મજકુરની તા.૨૬–૬–'૦૮ ની અપીલ અરજી નં.૭૫/–૦૮–૦૯
(૨) અરજદારને માહિતી પુરી પાડતો આપનો પત્ર સે.ઝોન/૨૫૯ તા.૬–૬–૦૮

શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૭–૫–૦૮ ની અરજીથી માંગેલ માહિતી અંગે ક્રમ–૨ થી અંગ્રેજીમાં કાયદાકીય નકલો પૂરી પાડેલ છે તેવા પ્રતિભાવથી નારાજ થઈ અંગ્રેજીની જગ્યાએ ગુજરાતીમાં નકલો મેળવવા એપેલેટ ઓફિસરને તા.૨૬–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં ગુજરાતીમાં નકલની ઉપલબ્ધતા બાબતે સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૦ તા.૨–૭–૦૮થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી રાઈટ ટુ ઈન્ફરેમશન સે.ઝોન/આ. ૪૦૫ તા.૧૪–૭–૦૮ થી પૂરક વિગતો અત્રેના વિભાગને પૂરી પાડેલ છે. જે અનુસાર " સુરત શહેરી વિકાસ સત્તા મંડળ ધ્વારા વિકાસ નિયંત્રણના નિયમો અંગ્રેજીમાં પ્રસિધ્ધ કરવામાં આવતાં હોઈ જેનો ગુજરાતી અનુવાદ અત્રે ઉપલબ્ધ નહીં હોવાનું" જણાવેલ છે. તથા સાથે અરજદારને તેઓ કક્ષાએથી માંગેલ માહિતી પૂરી પાડયાના પત્ર નં.૩૧ તા.૨૧–૬–૦૮ ની નકલ સામેલ કરેલ છે.

અરજદાર તરફથી તા.૧૭–૫–૦૮ ની અરજી અંગે માંગ્યા મુજબની માહિતી પૂરી પાડેલ છે. અરજદારની સદર મુળ અરજીની વિગતો કરતાં પૂરક વિગતોની માંગણી કરાયેલ છે પરંતુ અરજદારે સદર અરજી સંદર્ભે પૂરી પાડેલ માહિતીની અંગ્રેજી નકલની જગ્યાએ ગુજરાતી નકલમાં પૂરક માહિતીની માંગણી કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૫–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે મુળ અરજીથી માંગેલ માહિતી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતર પરથી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

અરજદારે અપીલ અરજીમાં અલાયદી માહિતી ગુજરાતીમાં નકલો મેળવવાની કરેલ માંગણી અંગે લાગત સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન.દેસાઈ,